# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૧/૦૮/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# અદાણી પોર્ટ પરથી સીધું એક્સપોર્ટ કરી શકાય તે હેતુ સુરતમાં કસ્ટમ્સ એપ્રુવ્ડ ફેબ્રિક ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ કરવા માટે ચેમ્બર ઓફ કોમર્સની કસ્ટમ્સના ચીફ કમિશનરને રજૂઆત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ હિમાંશુ બોડાવાલા તથા ચેમ્બરના માનદ્ મંત્રી ભાવેશ ટેલર અને ગૃપ ચેરમેન અમિષ શાહે બુધવાર, તા. ૧૦ ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ કસ્ટમ્સના ગુજરાત રિજનના ચીફ કમિશનર પ્રમોદ કુમાર (આઇઆરએસ)ની સુરત ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તેમની સમક્ષ મહત્વના મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, સુરતમાંથી ફેબ્રિક એક્સપોર્ટ કરવા માટે ટેસ્ટીંગ રિપોર્ટ કરવા પડે છે અને એના માટેની લેબોરેટરી સુરતમાં નથી. હજીરા પોર્ટ પરથી જે પણ ફેબ્રિક એક્સપોર્ટ કરવામાં આવે છે તેને ટેસ્ટીંગ માટે વડોદરાની લેબોરેટરીમાં મોકલવું પડે છે. ટેસ્ટીંગ રિપોર્ટ આવ્યા બાદ સંબંધિત ફેબ્રિક એક્સપોર્ટ કરી શકાય છે. પરંતુ આ પ્રક્રિયામાં અઠવાડિયાનો સમય વેડફાઇ જાય છે. જેની માઠી અસર ફેબ્રિકના એક્સપોર્ટ પર પડે છે. આથી સુરતમાં જ કસ્ટમ્સ એપ્રુવ્ડ ફેબ્રિક ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ કરવામાં આવે અથવા મંત્રા તથા અન્ય ખાનગી સંસ્થાને તેની મંજૂરી આપવામાં આવે તેવી માંગણી સાથેની રજૂઆત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કસ્ટમ્સના ચીફ કમિશનરને કરવામાં આવી હતી.

સુરતમાં પ્લાન્ટ કોરન્ટાઇન ફેસિલિટીના અભાવે એગ્રીકલ્ચર કોમોડિટીની પ્રોડકટના ઇમ્પોર્ટ માટે ઘણી મુશ્કેલીઓ આવે છે. આ ફેસિલિટી અમદાવાદમાં હોવાથી એગ્રીકલ્ચર કોમોડિટીની પ્રોડકટવાળા કન્ટેઇનરો અમદાવાદ મોકલવામાં આવે છે અને આખી પ્રક્રિયા પૂર્ણ થવામાં પંદરેક દિવસનો સમય લાગી જાય છે. જેને કારણે હજીરા સ્થિત અદાણી પોર્ટનો પણ સંપૂર્ણ ઉપયોગ થઇ શકતો નથી. આ ઉપરાંત સુરતમાં શિપીંગ વેસલ્સ ઓછા આવે છે. આથી કસ્ટમ ઓથોરિટી દ્વારા શિપીંગ કંપનીઓ સાથે શિપીંગ લાઇનની ફ્રિકવન્સી વધારવા માટે સંવાદ કરવામાં આવે તેવો અનુરોધ તેમને કરવામાં આવ્યો હતો. કસ્ટમ્સની પોર્ટલ પર ટેકનીકલ ખામીને કારણે ઉભા થતા ઇશ્યુજ વિશે પણ તેમને રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉપરોકત મામલે કરાયેલી રજૂઆત સંદર્ભે કસ્ટમના ચીફ કમિશનર પ્રમોદ કુમારે સકારાત્મક અભિગમ દાખવ્યો હતો.